# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં. મા-૨/૨૦૨૬/ 1816 તા.૨૯/૦૧/૨૦૨૬ ૨૮

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ- સુરત

વિષય: વસ્તી ગણતરી-૨૦૨૭ની કામગીરી માટે ગણતરીદારો/ સુપરવાઈઝરની નિમણુક કરવા બાબત.
સંદર્ભ: સ્પે. ઓફિસર, ઈલેકશન અને સેસન્સ, સુરતના તા.૨૯/01/૨૦૨૬ના પત્રાંક: સેસન્સ/૧૯૬

ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભિત પત્રના આદેશાનુસાર જણાવવાનું કે, સને-૨૦૨૭ની વસ્તી ગણતરીની પૂર્વ તૈયારીનું કાર્ય શરૂ થઇ ગયેલ છે. જે અન્વયે અત્રેની કચેરીના તાબા હેઠળની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને આ કામગીરી માટે નિયુક્ત કરવામાં આવેલ ગણતરીદારો / સુપરવાઈઝરોને તાલીમ આપવાની રહે છે.

જે અન્વયે અત્રેની કચેરીના તાબા હેઠળની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના તમામ કર્મચારીઓની યાદી દરેક કર્મચારીઓના ફોન નંબર / મોબાઈલ નંબર તેમજ બેંક એકાઉન્ટ નંબર સહિતની સંપૂર્ણ માહિતી આ સાથે સામેલ નિયત પત્રકમાં (કોલમ ૦૧ થી ૨૨) ભરીને તથા રજુ કરેલ યાદીમાં કોઈપણ કર્મચારીઓના નામોનો સમાવેશ કરવાનો રહી જતો નથી તે મુજબના જે તે લાગત શાળાના વડાશ્રીના પ્રમાણપત્ર સહિતની માહિતી "Microsoft Excel, In English Language " માં તૈયાર કરી તેની સોફટ કોપી તેમજ હાર્ડ કોપી(બે નકલ)માં તૈયાર કરી સ્પે. ઓફિસર (ઈલેશન એન્ડ સેન્સસ વિભાગ), રૂમ નં.૧૨, મહાનગર સેવા સદન, સુરત મહાનગરપાલિકા, ગોર્વધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરતને વળતી ટપાલે અચૂકપણે રૂબરૂ મોકલી આપવા જણાવવામાં આવે છે તથા ઈમેઈલ પર માહિતી મોકલી આપવાની રહેશે. વધુ માહિતી માટે નીચે જણાવેલ કર્મચારીઓને સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં. | કર્મચારીનું નામ અને હોદ્દો | મોબાઈલ નં. | ઈ-મેઈલ એડ્રેસ |
|---|---|---|---|
| 1 | શ્રી હિમાશુંભાઈ ચૌધરી, વહીવટી અધિકારી | 7433976450 | electiondept@suratmunicipal.org |
| 2 | શ્રી સુનિલભાઈ પટેલ, સેકશન ઓફિસર, | 9724332399 | electiondept@suratmunicipal.org |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉપર મુજબ

# SURAT MUNICIPAL CORPORATION

# CENSUS - 2027

| Sl. No | Name | Enumerator / Supervisor | Gender | Date of Birth | Age | Designation | Department | Office Address | Mobile Number | Email Address | Type of Id (Aadhar Card) | Aadhar Number | Bank Name and Branch | Bank Account Number | Bank IFSC Code | Bank Micr Code | PAN Number | Employe Number | Resident Address | Retiried Date | Remarks (1) Phyical Handicap (2) Maternity leave (3) Long Seekaness |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| | | NA | | | | | | | | | Aadhar Card | | | | | | | | | | |
| | | NA | | | | | | | | | Aadhar Card | | | | | | | | | | |
| | | NA | | | | | | | | | Aadhar Card | | | | | | | | | | |
| | | NA | | | | | | | | | Aadhar Card | | | | | | | | | | |
| | | NA | | | | | | | | | Aadhar Card | | | | | | | | | | |
| | | NA | | | | | | | | | Aadhar Card | | | | | | | | | | |
| | | NA | | | | | | | | | Aadhar Card | | | | | | | | | | |

## પ્રમાણપત્ર

ઉપરોકત સામેલ યાદીમાં અત્રેના વિભાગ/ખાતાના તમામ કર્મચારીઓના નામોનો સમાવેશ કરવામાં આવેલ છે અને કોલમ નં. ૧૯ માં કર્મચારી નંબર હોય તો જ આપવું તથા રીમાર્કસની કોલમમાં કરવામાં આવેલ નોંધમાં સાચી વિગતો દર્શાવેલ છે અને માહિતી ચોકસાઈ પુર્વક વેરીફાય કરી તૈયાર કરેલ છે. અને કોઈપણ કર્મચારીનું નામ યાદીમાં સમાવિષ્ટ કરવાનું બાકી રહી જતું નથી તે બદલનું આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ખાતાધિકારીની સહિ તથા હોદ્દો

# સુરત મહાનગરપાલિકા

Fax : 91-0261-2422110
Telex : 0188 251 SMC IN
ટેલીફોન :૨૪૨૩૭૫૧–૫૬/ ૨૪૨૨૨૮૫–૮૭

મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

નં. સેન્સસ/૧૯૬
તા.૨૯/૦૧/૨૦૨૬

પ્રતિ,
ડિસ્ટ્રીકટ એજયુકેશન ઓફિસરશ્રી
જિલ્લા શિક્ષણની કચેરી,
એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન – ૨,
અઠવાલાઈન્સ, સુરત.

<u>વિષય</u> : <u>વસતિ ગણતરી – ૨૦૨૭</u>ની કામગીરી માટે ગણતરીદારો / સુપરવાઈઝરોની નિમણુંક કરવા બાબત.
સંદર્ભ : સંયુકત નિયામકશ્રી, (વસતિ ગણતરી કચેરી)ના પત્ર નં. CEN-2027/ 19012/ 5/ 2025- DCO(Guj)/ C.No.55093/ 705, Dt.26/12/2025.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે સંદર્ભિત પત્રના આદેશાનુસાર જણાવવાનું કે, સને – ૨૦૨૭ની વસતિ ગણતરીની પૂર્વ તૈયારીનું કાર્ય શરૂ થઈ ગયેલ છે. વસતિ ગણતરીનું કાર્ય બે તબકકામાં કરવાનું છે. પ્રથમ તબકકામાં ઘરયાદી તેમજ રાષ્ટ્રીય વસતિ પત્રક તૈયાર કરવાની કામગીરી કરવાની છે. જયારે બીજા તબકકામાં વ્યકિતગત ગણતરી કરવાની છે. પ્રથમ તબકકાની કામગીરી અંદાજીત એપ્રિલ – ૨૦૨૬માં હાથ ધરવામાં આવશે. <u>પરંતુ તે કામગીરી શરૂ કરતાં પહેલાં આ કામગીરી માટે નિયુકત્ત કરવામાં આવેલ ગણતરીદારો / સુપરવાઈઝરોને તાલીમ આપવાની રહે છે.</u>

વસતિ ગણતરીની કામગીરી ભારતનાં ૧૯૪૮ ના વસતિ ગણતરીના કાયદા (સેન્સસ એકટ – ૧૯૪૮) હેઠળ થાય છે. સદર કાયદા હેઠળ રાજય સરકારે જાહેરનામુ બહાર પાડી સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારની વસતિ ગણતરી માટે (૧) મ્યુનિ. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા – મુખ્ય વસતિ ગણતરી અધિકારી અને (૨) ડે. કમિશ્નરશ્રી(ઉપ્યુટેશન), સુરત મહાનગરપાલિકા – સીટી સેન્સસ ઓફિસર તરીકે નિમણુંક કરેલ છે તથા તેમને વસતિ ગણતરી કામગીરી માટે ચાર્જ અધિકારીઓ, ગણતરીદારો, સુપરવાઈઝરોની નિમણુંક કરવાની પૂરી સત્તાઓ પણ આપેલ છે.

આપશ્રીના તાબા હેઠળની સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ ગ્રાંટેન્ડ અને નોન–ગ્રાંટેન્ડ શાળાઓના તમામ વર્ગ – ૨ અને વર્ગ – ૩ ના અધિકારી / કર્મચારીઓની યાદી દરેક અધિકારી / કર્મચારીઓના ફોન નંબર / મોબાઈલ નંબર તેમજ બેંક એકાઉન્ટ નંબર સહિતની સંપૂર્ણ માહિતી આ સાથે સામેલ નિયત પત્રકમાં (કોલમ ૦૧ થી ૨૨) ભરીને તથા રજુ કરેલ યાદીમાં કોઈપણ કર્મચારીઓના નામોનો સમાવેશ કરવાનો રહી જતો નથી તે મુજબના જે તે લાગત કચેરીના વડાશ્રીના પ્રમાણપત્ર સહિતની માહિતી <u>**"Microsoft Excel, In English Language "**</u> માં તૈયાર કરી તેની સોફટ કોપી તેમજ હાર્ડ કોપી(બે નકલ)માં તૈયાર કરી સ્પે. ઓફિસર (ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગ), રૂમ નં.૧૨, મહાનગર સેવા સદન, સુરત મહાનગરપાલિકા, ગોર્વધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરતને <u>વળતી ટપાલે</u> અચૂકપણે મોકલી આપવા વિનંતી. વધુ માહિતી માટે નીચે જણાવેલ કર્મચારીઓને સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં. | કર્મચારીનું નામ અને હોદ્દો | મોબાઈલ નં. | ઈ–મેઈલ એડ્રેસ |
|---|---|---|---|
| ૧. | શ્રી હિમાશુંભાઈ ચૌધરી,<br>વહીવટી અધિકારી | 7433976450 | electiondept@suratmunicipal.org |
| ૨. | શ્રી સુનિલભાઈ પટેલ,<br>સેકશન ઓફિસર, | 9724332399 | electiondept@suratmunicipal.org |

વધુમાં, સદરહુ વસતિ ગણતરી–૨૦૨૭ની રાષ્ટ્રીય કામગીરી હોય જે અંતગર્ત મહાનગરપાલિકાનો વિસ્તાર બહોળા પ્રમાણમાં હોય જે માટે વધુ સંખ્યામાં અધિકારી/ કર્મચારીઓની જરૂરીયાત રહે તેમ છે. જે ધ્યાને લઈ ઉકત માહિતી મોકલી આપવા સંબંધિતને સુચના આપવા વિનંતી.

સ્પે.ઓફિસર,
(ઈલેકશન એન્ડ સેન્સસ)
સુરત મહાનગરપાલિકા.

E:\D DRIVE\CENSUS-2027\Nimnuk-2027.docx

Scanned with OKEN Scanner